## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ - ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) તથા ૩૭(3) અને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ અન્વયેનું જાહેરનામું

નં.એમએજી/વશી/૧૨૩૨-૧૨૪૪/૨૦૨૦
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ડાંગ
તા.૩૧/૦૭/૨૦૨૦

જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ * આહવા *

// જાહેરનામું //

વિશ્વભરમાં પ્રસરેલ નોવેલ કોરોના વાઇરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. નોવેલ કોરોના વાઇરસ COVID-19 ફેલાતો અટકાવવા કેન્દ્રીય ગૃહ મંત્રાલયનાં હુકમ ક્રમાંક:40-3/2020-DM-1(A) તા.૨૪/03/૨૦૨૦, તા.૧૫/૦૪/૨૦૨૦, તા.૦૧/૦૫/૨૦૨૦, તા.૧૮/૦૫/૨૦૨૦, તા.30/૦૫/૨૦૨૦ ના વખતોવખત હુકમ તથા છેવટના તા.૨૯/૦૭/૨૦૨૦ ના હુકમ અન્વયે તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી કન્ટેનમેન્ટ ઝોનમાં લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

સમગ્ર દેશમાં COVID 19 ની અસરોને ધ્યાને લેતાં આ મહામારીને નિયંત્રિત કરવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયનાં તા.૨૯/૦૭/૨૦૨૦ ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) અન્વયે ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક જીજી/૪૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૩૧/૦૭/૨૦૨૦ અનુસાર સમગ્ર રાજયમાં જાહેર કરવામાં આવેલ કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૦૧/૦૮/૨૦૨૦ ના ૦૦.૦૦ કલાકથી થી ૩૧/૦૮/૨૦૨૦ ના ૨૪.૦૦ કલાક સુધી લોકડાઉનની અવધિ લંબાવવા તેમજ કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં કેન્દ્ર સરકારની સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

વાસ્તે હું એન.કે.ડામોર, (આઇ.એ.એસ) જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) તથા ૩૭(3) અને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

// સમયગાળો //

આ હુકમ તા.૦૧/૦૮/૨૦૨૦ થી તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

// વિસ્તાર //

આ હુકમ ડાંગ જીલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

// પ્રતિબંધિત કૃત્યો //

૧. કન્ટેઇનમેન્ટ ઝોન/માઇક્રો કન્ટેઇમેન્ટ ઝોનમાં સવારે ૭-૦૦ થી સાંજના ૭-૦૦ કલાક સુધી આવશ્યક સેવાઓ સિવાયની પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાશે નહીં.

૨. કન્ટેઇનમેન્ટ ઝોન/માઇક્રો કન્ટેઇમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં પ્રતિબંધિત પ્રવૃતિઓ સિવાયની તમામ આર્થિક પ્રવૃતિઓ ચાલુ રાખી શકાશે જે અંતર્ગત દુકાનો સાંજના ૮-૦૦ કલાક સુધી તેમજ હોટલ રેસ્ટોરન્ટ રાત્રિના ૧૦-૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

૩. શ્રમિકો/કર્મચારીઓ/દુકાન માલિકો કે જેઓના ઘર કન્ટેઇનમેન્ટ ઝોન/માઇક્રો કન્ટેઇમેન્ટ ઝોનમાં આવેલ હોય તેઓને કન્ટેઇનમેન્ટ ઝોન/માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોનમાંથી નીકળવા ઉપર પ્રતિબંધ રહેશે.

૪. સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને સ્ટેડીયમ ચાલુ રાખી શકાશે પરંતુ દર્શકો અને મેળાવડા પર પ્રતિબંધ રહેશે. તેમ છતાં ટેલિકાસ્ટીંગ કરી શકાશે.

૫. તમામ શાળા, કોલેજ, શૈક્ષણિક, તાલીમ, સંશોધન, કોચિંગ સંસ્થાઓ વગેરે બંધ રહેશે. પરંતુ ઓનલાઇન અને ડીસ્ટન્સ લર્નિંગ ચાલુ રાખી શકાશે.

૬. તમામ સિનેમા હોલ્સ, સ્વીમીંગ પુલ, મનોરંજન ઉદ્યાનો, થિયેટરો, બાર અને ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ જેવા સ્થળો બંધ રહેશે.

૭. યોગા ઇન્સ્ટીટયુટ અને જીમ્નેશીયમ તા.૦૫-૦૮-૨૦૨૦ થી કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય ધ્વારા જાહેર કરવામાં આવે તે SOP મુજબ શરૂ કરી શકાશે.

૮. ભારત સરકારના ગૃહ મંત્રાલય ધ્વારા છુટછાટ આપેલ હોય તે સિવાય મુસાફરો માટે આંતરરાષ્ટ્રીય હવાઇ સેવા બંધ રહેશે.

૯. મેટ્રો રેલ સેવા બંધ રહેશે.

૧૦. તમામ સામાજિક/રાજકીય/રમતો/મનોરંજન/શૈક્ષણિક/ સાંસ્કૃતિક/ધાર્મિક કાર્યો/મેળાવડા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

<u>સ્વતંત્રતા દિવસનો ઉજવણી કાર્યક્રમ</u>

રાષ્ટ્ર ,રાજય, જિલ્લા, પ્રાંત, નગરપાલિકા તેમજ પંચાયત કક્ષાએ સ્વતંત્રતા દિવસ કાર્યક્રમ તેમજ એટ હોમ કાર્યક્રમ સોશ્યલ ડીસ્ટન્સના પાલન તેમજ અન્ય હેલ્થ પ્રોટોકલને અનુસરીને ઉજવણી

કરવાની રહેશે. આ બાબતે કેન્દ્રીય ગૃહ મંત્રાલય ધ્વારા તા.૨૦-૦૭-૨૦૨૦ ના રોજથી આપેલ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

<u>ઉપરોકત પ્રતિબંધિત બાબતો સિવાયની તમામ કાયદેસરની પ્રવૃત્તિઓ નીચેની શરતોને આધીન ચાલુ રાખી શકાશે.</u>

૧. તા.૦૧-૦૮-૨૦૨૦ ના ૦૦.૦૦ કલાકથી રાત્રિ કર્ફ્યુ અમલમાં રહેશે નહિં.

૨. બધાં ધાર્મિક સ્થાનો તા.૦૮/૦૬/૨૦૨૦ થી જાહેર કરવામાં આવેલ SOP મુજબ ચાલુ રાખી શકાશે.

૩. ULB જાહેર કરે તે SOP મુજબ સ્ટ્રીટ વેન્ડર્સ વેચાણ કરી શકશે.

૪. લાયબ્રેરી ૬૦% બેઠક ક્ષમતા સાથે કાર્યરત રાખી શકાશે.

૫. GSRTC બસ સેવાઓ ચાલુ રાખી શકાશે.

૬. કન્ટેઇનમેન્ટ ઝોનની બહાર સીટી બસ સેવા ૬૦ % ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે.

૭. GSRTC ની SOP મુજબ ખાનગી બસ સેવાઓ ૬૦% બેઠક ક્ષમતા સાથે કાર્યરત રાખી શકાશે.

૮. ઓટો રીક્ષા ડ્રાઇવર તથા બે પેસેન્જર સાથે ચલાવી શકાશે

૯. કેબ, ટેક્ષી, કેબ એગ્રીગેટર અને ખાનગી વાહનમાં એક ડ્રાઇવર અને બે પેસેન્જર/વ્યક્તિ સાથે ચલાવી શકાશે. જે વાહનમાં ૬ કે તેથી વધુ સીટીંગ કેપેસીટી હોય તેવા વાહનોમાં એક ડ્રાઇવર અને ત્રણ પેસેન્જર/વ્યક્તિ સાથે ચલાવી શકાશે.

૧૦. ટુ વ્હીલર પર ૨ (બે) વ્યક્તિ મુસાફરી કરી શકશે.

૧૧. ખાનગી ઓફિસો સોશ્યલ ડીસ્ટન્સીંગના પાલનસહ ચાલુ રાખી શકાશે. તેમ છતાં વર્ક ફ્રોમ હોમને પ્રોત્સાહન આપવાનું રહેશે.

૧૨. સરકારી કચેરીઓ અને બેંક ચાલુ રાખી શકાશે.

૧૩. કન્ટેનમેન્ટ ઝોન સિવાય કોઇપણ પ્રકારની મંજુરી વિના રાજયમાં તથા આંતર રાજય અવરજવર ચાલુ રાખી શકશે.

૧૪. ખાલી ટ્રક સહિત માલસામાન તેમજ વ્યક્તિઓનું રાજ્યમાં તથા આંતર રાજય પરિવહન ચાલુ રાખી શકાશે. ક્રોસ લેન્ડ બોર્ડરના માન્યતા પ્રાપ્ત કાર્ગોની અવર જવર ચાલુ રાખી શકાશે. આ અંગે કોઇ ઇલાયદા પરવાનગી લેવાની જરૂર રહેશે નહીં.

૧૫. ૬૫ વર્ષથી ઉપરની વયની વ્યક્તિઓ અને રોગીષ્ટ વૃત્તિ ધરાવતી કામ કરતી વ્યક્તિઓ, ગર્ભવતી મહિલાઓ અને ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોએ ઘરે રહેવું જોઇશે પરંતુ આવા વ્યક્તિઓ આવશ્યક ચીજવસ્તુઓની જરૂરિયાત કે તબીબી કારણોસર ઘરની બહાર જઇ શકશે.